# સરકારી શાળાઓ –એક નવી ક્ષિતિજ

**કલ્પેશ નરેન્દ્રભાઈ સોલંકી**
આસિસ્ટન્ટ પ્રોફેસર, મુન્શી મહિલા બી.એડ્. કૉલેજ, ભરૂચ
મો.નં.: ૯૬૮૭૭ ૦૭૬૫૦ Email:–ksolanki638@gmail.com

તમારા બાળક પર તમે પૂરતું ધ્યાન નથી આપી શકતા એટલે તેને પ્રાઈવેટ શાળામાં મૂકી છટકી જવાની તમારી વૃત્તિ દેખીતી છે. જરા જાણવાનો પ્રયત્ન કરશો તો સરકારી શાળામાં પસંદગી પામેલા શિક્ષકો પૂર્ણ શૈક્ષણિક લાયકાત ધરાવતા હોય છે. પસંદગી પામેલા આ શિક્ષકો શિક્ષક અભિયોગ્યતા કસોટી ઉચ્ચ ગુણ સાથે પાસ કરીને આવ્યા હોય છે. જેવી કે TAT, TET, H TAT, M TAT. તેથી તેમની પાસે સૂઝ બુઝ, સમજ શક્તિ અને વિશિષ્ટ આવડત રહેલી જ હોય એમાં કોઈ બેમત નથી. હવે સરકાર તરફથી શિક્ષકોને મળતો તગડો પગાર એ તેમના ઉત્સાહમાં વધારો કરે છે અને આ ઉત્સાહનું હકારાત્મક પરિબળ વિદ્યાર્થીઓના સારા પરિણામ પર જોવા મળે છે.

સમય બદલાઈ ગયો છે, સાથે સાથે જમાનો પણ બદલાઈ ગયો છે. આગળ કહું તો શિક્ષકો પણ બદલાઈ ગયા છે. ત્યારે એક જાગૃત વાલી તરીકે તમે કેમ બદલાયા નથી ? સમાચાર પત્રોમાં વખતો વખત આવતા શિક્ષણ સંબંધી સમાચારો વાંચીને દુઃખ થાય છે. જ્યારે આપણાં ગુજરાત રાજ્યમાં શિક્ષણનો ગ્રાફ અધોગતિએ જઈ રહ્યો હોય ત્યારે આપણે તે વળી ક્યાં ઉધ્વોગતિ તરફ જઈશું ! આ આપણાં સૌ માટે ઘણો ચિંતાનો વિષય છે. શિક્ષણમાં હવે સાચે પરિવર્તનની જરૂર છે. ઊંડો વિચાર કરવાની જરૂર છે. આપણું ગુજરાત રાજ્ય સમૃદ્ધ રાજ્ય છે. વધુ સગવડો અને સવલતો મેળવવા માટેનું અગ્રેસર રાજ્ય છે. રાજ્ય સરકાર શિક્ષણ માટે કેટકેટલા પ્રયત્નો કરી બાળકોને સારું શિક્ષણ મળી રહે તે હેતુસર નવી નવી સરકારી શાળાઓ સ્થાપિત કરે છે. આવી શાળાઓમા ઊંચા મેરિટવાળા શિક્ષકોની ક્રમિક ભરતી કરે છે. છતાં જ્યારે સરકારી શાળામાં પૂરતા પ્રમાણમાં મહેકમ (વિદ્યાર્થીઓની સંખ્યા) મળતું નથી ત્યારે જાણે કે ગંભીર સમસ્યા ઉદભવી ન હોય તેવી અનુભૂતિ થાય છે.

સરકારને નવી શિક્ષણ નીતિ અમલમાં મૂકવાની ફરજ પડી તે માટે જવાબદાર પરિબળોમાં કદાચ આપણે પણ હોઈ શકીએ. બાળક ભણે છે પણ તે માત્રને માત્ર ભણવા પૂરતું ભણી રહ્યો હોય તેવું જોવા મળી રહ્યું છે. બીજા શબ્દોમાં કહું તો બાળક પોતાની કારકિર્દીનું વિચારતો નથી પરંતુ ડિગ્રી મેળવવા માટે ભણતો ન હોય ! આપણાં ગુજરાત રાજ્યમાં શિક્ષણનું સ્તર નીચું રહેવાનુ કારણ એ પણ હોય શકે કે બાળક પોતે શિક્ષક દ્વારા સોંપાયેલું કામ માત્ર કરવા પૂરતું જ કરીને બેસી રહે છે. એમાં પણ મોટા ભાગના બાળકો સોંપાયેલ કામ ઈરાદાપૂર્વક કરતા જ નથી. જે નરી વાસ્તવિક્તા ગણી શકાય. ભાર વિનાના ભણતરની વાત કરીએ તો બાળકે જે ભાર ઊંચકવો જોઈએ તે ઊંચકતો જ નથી અને છેવટે એ ભણી ગણીને કશું કરી શકતો નથી. તેનો ડિગ્રી મેળવવાનો હેતુ અહી સિદ્ધ કરી બતાવે છે. જે સાબિત કરે છે કે "ભણ્યો પણ ગણ્યો નહીં".

પરિવર્તન એ કુદરતનો નિયમ છે. શાળામાં પરિવર્તન આવે, શિક્ષકોમાં પરિવર્તન આવે, વિદ્યાર્થીઓમાં પરિવર્તન આવે તો વળી શિક્ષણ પદ્ધતિમાં પરિવર્તન આવે તો કશું ખોટું નથી. પ્રાઈવેટ શાળાઓથી આકર્ષાયેલા વાલીઓ પૈસા ખર્ચીને પોતાના બાળકોને ભણાવવાનો નિજી આનંદ પ્રાપ્ત કરતાં હોય છે. બીજા બધાને જોઈને પોતે ખાધે પીધે સુખી છે અને પોતાના બાળકોને સારી શાળામાં ભણાવું છું એવો ખોટો દેખાવ કરનારો વાલી ક્યારેય પણ સાચી હકીકત જાણી સમજી શકતો નથી. અન્યો કરતાં પોતાની જાતને મહાન માનનારા આ વાલીઓ આટલી મોંઘવારીમાં પણ પૈસાનું મહત્વ ન સમજી તેનો અયોગ્ય ઉપયોગ કરવામાં જરા પણ વિચારવાનો પ્રયત્ન કરતાં નથી. આજનો વાલી એવું માની રહ્યો છે કે જેટલા વધુ પૈસા ખર્ચીશું એટલું સારું શિક્ષણ પોતાના બાળકોને મળશે. આવી માનસિકતા મધ્યમ વર્ગમાં પણ ઘર કરી ગઈ છે જેને આપણે સમાજમાં સારી રીતે નિહાળી શકીએ છીએ. હવે તો જાણે ટ્યુશન લીધા વગર ભણી શકાય જ નહિ એવું પણ મોટા ભાગના જાગૃત વાલીઓ માની રહ્યા છે.

એક શિક્ષિત વ્યક્તિ તરીકે મને હવે ચિંતા થઈ રહી છે. મારા સમાજની, મારા ભોળા ગુજરાતી લોકોની કે જેઓ માતૃભાષાનું શિક્ષણ મેળવવાનું છોડી દઈને વિદેશી ભાષાનું શિક્ષણ મેળવવાની દોડમાં છે. મા–બાપને પૂરી ABCD પણ ન આવડતી હોય છતાં બાજુવાળાનો કે સામેવાળાનો છોકરો ઇંગ્લીશ મીડિયમમાં ભણે છે. તેથી મારો છોકરો પણ ઇંગ્લીશ જાણે અને બોલે તે હેતુસર ધૂમ પૈસા વેડફી ભણાવવામાં માનનારા આવા વાલીઓની સંખ્યા ઓછી નથી. જે દિવસે તા. ૧૮/૧૨/૨૦૧૯ બુધવારના રોજ મારે TAT સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળાની ભરતી પ્રક્રિયા માટે ડૉક્યુમેન્ટ્સ વેરિફિકેશનના કામ અર્થે ભરૂચ મિત્રના રૂમમાં રોકાવાનું થયું હતું. તે દિવસની એક ઘટના અહી પ્રસ્તુત કરું છું. તે જ દિવસે રાત્રિના કેપીટલ બેકરી બિસ્કીટ એન્ડ ફરસાણની દુકાને કસક ગરનાળા પાસે બ્રેડ લેવા માટે ગયો. ત્યારે દુકાન માલિક અબ્દુલ ઝબ્બાર શેખના સંપર્કમાં આવ્યો અને બ્રેડના ભાવ બાબતે મારી એમની સાથે વાતચીત થઈ અને એ જ સાથે નવી ઓળખાણ પણ નીકળી. શરૂઆતમાં તેમણે મને જવાબ આપ્યો કે જ્યાં ભાવ વધે છે ત્યાં કોઈનાથી કશું બોલાતુ નથી અને અહી બ્રેડ પર ૧ રૂ. વધી જતાં તમે ખેંચતાણ કરો છો. ત્યારે મને સાચે જ એમની વાતમાં તથ્ય દેખાયું અને એમની વાત સાથે હું હા ભળી સહમત થઈ ગયો. વધુમાં એમણે જણાવ્યુ કે મારી આર્થિક સ્થિતી નબળી હોવાને કારણે હું માત્ર ધો–૭ સુધી જ અભ્યાસ કરી શક્યો અને મારી પત્નીએ પણ માત્ર ધોરણ સાત સુધીનો જ અભ્યાસ કર્યો છે. મારી એક નાની બેબી સવાના જે ભરૂચ સ્થિત અલિફ ઇંગ્લીશ મીડિયમ સ્કૂલમાં ધોરણ–૬ માં અભ્યાસ કરે છે. વધુ આશ્ચર્ય તો એ થયું કે એક દુકાનદાર હોવા છતાં પોતાની દીકરીને અંગ્રેજી માધ્યમમાં ભણાવે છે. કહેવાનો તાત્પર્ય એ કે આજે સમાજમાં અંગ્રેજી માધ્યમનો પ્રભાવ વધુ પડતો જોવા મળી રહ્યો છે.

આપણે જાણીએ જ છીએ કે કોઈપણ ભાષાના માધ્યમથી શિક્ષણ મેળવી શકાય છે. પરંતુ એ મેળવેલ શિક્ષણ કેટલું ફળિભૂત થયું ? એમાંથી કેટલું ઉગ્યું ? આ સવાલોનો જવાબ જો હકારાત્મક આવે તો સમજવું કે તમે સાચું શિક્ષણ મેળવ્યું અન્યથા શૂન્ય.

આજના સમયમાં ઘણા પ્રકારની શાળાઓ જોવા મળે છે. જેમાં સરકારી શાળા, ગ્રાન્ટેડ શાળા અને ખાનગી (પ્રાઈવેટ) શાળા એ મુખ્ય પ્રકારની શાળાઓ છે. સાચી દિશામાં જોવા જઈએ તો વિદ્યાર્થીઓની સૌથી વધુ સંખ્યા સરકારી શાળામાં થવી જોઈએ. ત્યારબાદ તેનાથી પ્રમાણમાં થોડી ઓછી સંખ્યા ગ્રાન્ટેડમાં થવી જોઈએ. તેમજ સૌથી ઓછી સંખ્યા ખાનગી (પ્રાઈવેટ) શાળામાં થવી જોઈએ. જેને બદલે આજે પરિસ્થિતી તદ્દન વિપરીત જોવા મળી રહી છે. જેનું મુખ્ય કારણ એ જ કહી શકાય કે આવા પ્રકારની મોટાભાગની શાળાઓનો મુખ્ય હેતુ પૈસા કમાવાનો હોય છે અને સાથે સાથે બીજું સારું શિક્ષણ આપવાનો પણ પ્રયાસ કરતી હોય છે. પરંતુ તે કેટલે અંશે સાર્થક નીવડે તે એક સંશોધનનો વિષય થઈ પડે એમ છે. આજે પણ મારી દાદીને પૂછું તો તે મને કહે કે દીકરા અમારા જમાનામાં ઉત્તમ ખેતી, મધ્યમ વેપાર અને નફ્ફટ નોકરી ગણવામાં આવતી હતી. પરંતુ તે જમાનાથી આજે તદ્દન જુદી પરિસ્થિતી આપણી સમક્ષ આવીને ઊભી છે કે જેને આપણે આપણી સગી આંખે જોઈ શકીએ એમ છીએ. જેમ કે ઉત્તમ નોકરી, મધ્યમ ધંધો, અને નફ્ફટ ખેતી. બસ આવું જ શિક્ષણ માટેની શાળાઓમાં પણ થયું છે.

તમે અને હું પહેલાના સમયમાં સરકારી શાળાઓમાં જ સારું શિક્ષણ મેળવી ચૂક્યા છીએ અને આજના સમયે આ દરજ્જે પહોંચ્યા છીએ. ઊંચા હોદ્દા પર બિરાજમાન ડોક્ટર, એન્જિનિયર પાયલોટ, પ્રોફેસર તેમજ IPS કે IAS વગેરે અધિકારીઓ પણ સરકારી શાળામાં ભણીને જ આજે આપણી સામે ગર્વભેર ઊભા છે. સરકારી શાળા પ્રત્યેની આપણી જે માનસિકતા હતી તે હવે બદલવાની જરૂર છે. સરકારી શાળાના શિક્ષકો હવે વધુ પ્રવૃત્તિશીલ બની રહ્યા છે. પોતાનામાં રહેલી આવડતને વધુ સારી રીતે વિદ્યાર્થીઓની સમક્ષ મૂકવામાં હવે સરકારી શાળાના શિક્ષકો પીછેહઠ કરતાં નથી. સરકારી શાળાના શિક્ષકોને પહેલાના સમયે મળતો ઓછો પગાર કદાચ તેમની કામ કરવાની વૃત્તિમાં અવતર્યો ન હોય ! છોડો હવે આપણે નવી શિક્ષણ નીતિની વાત કરવી છે. ધોરણ–૯ થી ૧૨ ને હવે સળંગ એકમ ગણીને નવો ચીલો ચાતરવાની વાત કરવી છે. આખી શિક્ષણ પદ્ધતિમાં સુધારો લાવવાની વાત કરવી છે. ગુણવત્તાવાળુ શિક્ષણ ઊભું કરવાની વાત કરવી છે. હવે આળસવૃત્તિને ખંખેરી વધુ શ્રમ કરવાની વાત કરવી છે.

ગુજરાત રાજ્ય સરકારે હાલમાં જ ઘણી બધી નવી સરકારી શાળાઓ સ્થાપિત કરીને બાળકોના શિક્ષણ માટે ઘણી બધી સવલતો અને સગવડો ઊભી કરી છે. નવી શિક્ષણ નીતિમાં ડોકિયું કરતાં જણાશે કે અતિ પછાત કે અંતરિયાળ વિસ્તારનો કોઈપણ બાળક શિક્ષણથી વંચિત ન રહી જાય તે હેતુથી હજી પણ લાખો રૂપિયાના ખર્ચે ઘણી બધી નવી સરકારી શાળાઓ ખોલવાની અને લાયકાત વાળા શિક્ષકોની ભરતી કરવાની વાતો સંભળાય રહી છે. સરકાર જ્યારે સરકારી શાળાઓ પાછળ એટલો બધો ખર્ચો કરી રહી હોય અને આવી શાળાઓમાં પરીક્ષા પાસ કરીને આવનાર ઊંચી ગુણવત્તાવાળા શિક્ષકો ભણાવી રહ્યા હોય ત્યારે ભલા વાત જ શી પૂછવી રહી ! બસ, આપણાં બાળકોને સરકારી શાળામાં ભણાવો.